પી.આર.ઓ

## :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા./ઓ.એસ.સેક્શન/૫૭૧/૨૦૧૭

અમદાવાદ શહેર જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક: જિશિઅ/પરીક્ષા/૨૦૧૭/૨૮૯૮-૯૯ તા.૦૫/૧૦/૨૦૧૭ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા "આચાર્ય અભિરૂચિ કસોટી-૨૦૧૭" ની પરીક્ષા આગામી તા.૦૮/૧૦/૨૦૧૭ ના રોજ કલાક ૧૩:૦૦ થી ૧૬:૦૦ વાગ્યા દરમ્યાન અમદાવાદ શહેરના જુદાજુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ફરમાવી તેમાં નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

**પ્રતિબંધિત વિસ્તાર :-**

પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ વિસ્તાર.

**પ્રતિબંધિત કૃત્યો :-**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકતિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થી, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન અન્ય અનધિકૃત વ્યકતિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન લઇ જવા પર.

❖ **અપવાદ :** આ હુકમ ફરજ પરના પોલીસ દળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુંસધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

**આ હુકમ તા.૦૮/૧૦/૨૦૧૭ ના ક.૧૨:૦૦ થી ક.૧૭:૦૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જા થી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો.કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગાઓએ નકલો ચોંટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ: ૦૬ ઓક્ટોબર સને.૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

અમદાવાદ.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુ.રા. ગાંધીનગર.
(૪) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમબ્રાંચ, વહીવટ, મુ.મથક, અમદાવાદ શહેર.
(૫) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ટ્રાફીક, અમદાવાદ શહેર.
(૬) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) કલેક્ટરશ્રી, અમદાવાદ.
(૮) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૯) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., અમદાવાદ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા. ગાંધીનગર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.
(૧૩) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૧૭) તમામ પો.ઇન્સ.શ્રી, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.) અમદાવાદ શહેર.
(૧૮) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૧૯) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.